# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

****************************************************

1) **રાષ્ટ્રપતિ** દ્રૌપદી મુર્મુને પોર્ટુગલના લિસ્બન શહેરનો પ્રતિષ્ઠિત "કી ઓફ ઓનર" એનાયત કરવામાં આવ્યો
2) દુબઈના ક્રાઉન પ્રિન્સ અને યુએઈના નાયબ પ્રધાનમંત્રી શેખ હમદાન બિન મોહમ્મદ અલ મક્તૂમ આજે ભારતની બે દિવસીય મુલાકાતે નવી દિલ્હી પહોંચશે
3) અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિનું મું રાષ્ટ્રીય અધિવેશન આજથી ગુજરાતના 84 .અમદાવાદમાં શરૂ થશે
4) કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલે ભારતીય ઉદ્યોગોને આયાતી માલને બદલે સ્થાનિક સપ્લાયર્સને ટેકો આપીને આર્થિક રાષ્ટ્રવાદ અપનાવવા હાકલ કરી
5) આજથી દેશભરમાં 22 એપ્રિલ સુધી પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે.
6) IPLમાં ગઇકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈ ઇન્ડિયન્સને 12 રને હરાવ્યું.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – અમરા હવે પછીનાં રાષ્ટ્રીય સમાચાર એક વાગીને 20 મિનિટે સાંભળી શકશો)

# PREZ - PORTUGAL VISIT - DAY 2

**રાષ્ટ્રપતિ** દ્રૌપદી મુર્મુને પોર્ટુગલના લિસ્બન શહેરનો પ્રતિષ્ઠિત "કી ઓફ ઓનર" એનાયત કરવામાં આવ્યો છે લિસ્બનના મેયર કાર્લોસ મોએડાસ દ્વારા રજૂ કરાયેલા આ સન્માન થી તેમને શહેરના માનદ નાગરિક તરીકે સત્તાવાર રીતે માન્યતા આપવામાં મળી છે "કી ટુ ધ સિટી ઓફ લિસ્બન" શહેર દ્વારા આપવામાં આવતો સર્વોચ્ચ સન્માન છે. રાષ્ટ્રપતિ મુર્મુએ મેયર અને લિસ્બનના લોકોનો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર બદલ આભાર વ્યક્ત કર્યો.

સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતીય નાગરિકો પોર્ટુગલમાં બે સંસ્કૃતિઓ વચ્ચે સેતુ તરીકે સેવા આપે છે અને દેશના અર્થતંત્રમાં યોગદાન આપે છે. રાષ્ટ્રપતિએ 2047 સુધીમાં "વિકસિત ભારત" ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, પોર્ટુગલને એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જોતા, ટકાઉ વિશ્વને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ.....

(બાઈટ –પૂજા વર્ધન )

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. DUBAI CROWN PRINCE

દુબઈના ક્રાઉન પ્રિન્સ અને યુએઈના નાયબ પ્રધાનમંત્રી શેખ હમદાન બિન મોહમ્મદ અલ મક્તૂમ આજે ભારતની બે દિવસીય મુલાકાતે નવી દિલ્હી પહોંચશે. ક્રાઉન પ્રિન્સ તરીકે આ તેમની ભારતની પહેલી સત્તાવાર મુલાકાત છે. અહીં તેઓ વિવિધ મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ અને ઉચ્ચ સ્તરીય વેપાર પ્રતિનિધિઓને મળશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લંચ દરમિયાન ક્રાઉન પ્રિન્સ સાથે વાતચીત કરશે. તેઓ વિદેશ મંત્રી એસ જયશંકર અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને પણ મળશે.

શ્રી અલ મક્તોમ સાંજે મુંબઈ જવા રવાના થશે, જ્યાં તેઓ બંને દેશોના ટોચના ઉદ્યોગપતિઓ સાથેની બેઠકમાં હાજરી આપશે. આ સંવાદ બંને દેશોના આર્થિક અને વેપાર સહયોગને મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT-SHAH---J-K-VISIT

જમ્મુ અને કાશ્મીરના ત્રણ દિવસના પ્રવાસે ગયેલા  કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગઈકાલે સાંજે શ્રીનગર પહોંચ્યા છે . લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું.

શ્રી અમિત શાહે સાંજે રાજભવન ખાતે બેઠકો યોજી હતી અને લોકો તથા પ્રતિનિધિમંડળો સાથે વાતચીત કરી હતી.

(વોઈસ કાસ્ટ-TARIQ RATHER)

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, કેન્દ્રીય ગૃહમંત્રીએ રવિવારે ઘણી મહત્વપૂર્ણ બેઠકોની અધ્યક્ષતા કરી હતી. તેમણે જમ્મુ ક્ષેત્રના કઠુઆ જિલ્લામાં 'વિનય' સરહદ ચોકીની પણ મુલાકાત લીધી અને આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા પરિસ્થિતિનો પણ અભ્યાસ કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત એવા દેશો સાથે કામ કરવા આતુર છે જે વાજબી વેપાર પ્રથાઓનું પાલન કરે છે અને વેપાર કરવા માટે સમાન તકો પૂરી પાડે છે. ગઈકાલે સાંજે ઈન્ડિયા ગ્લોબલ ફોરમમાં બોલતા, મંત્રી ગોયલે ધ્યાન દોર્યું કે ભારતીય કંપનીઓ સક્ષમ છે અને જો વાજબી વ્યવસાયિક પ્રથાઓનું પાલન કરવામાં આવે તો તેઓ સારું પ્રદર્શન કરી શકે છે.

શ્રી ગોયલે ભારતીય ઉદ્યોગોને આયાતી માલને બદલે સ્થાનિક સપ્લાયર્સને ટેકો આપીને આર્થિક રાષ્ટ્રવાદ અપનાવવા હાકલ કરી હતી

શ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન ભારતમાં ટેકનોલોજી લાવવા અને 100 બિલિયન ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ઓસ્ટ્રેલિયા, યુરોપિયન યુનિયન, યુકે, યુએસએ, ચિલી અને પેરુ સાથેના વેપાર કરારોમાં પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJARAT - AICC

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC) નું 84મું રાષ્ટ્રીય અધિવેશન આજથી ગુજરાતના અમદાવાદમાં શરૂ થશે. પ્રથમ દિવસે, કોંગ્રેસની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા, કેન્દ્રીય કાર્યકારી સમિતિની બેઠક આજે અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાશે, જ્યારે AICC અધિવેશન કાલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ સંસદીય પક્ષના નેતા સોનિયા ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, રાજ્યોના પ્રદેશ પ્રમુખો અને કોંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્યો આ કાર્યક્રમમાં ભાગ લેશે.

આ અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીયે..

(બાઈટ--અપર્ણા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

...................................................................

# POSHAN WEEK

આજથી દેશભરમાં 22 એપ્રિલ સુધી પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી પખવાડિયાનાં પ્રથમ સપ્તાહમાં અરુણાચલ પ્રદેશની મુલાકાત લેશે અને રાજ્યમાં મહિલાઓ અને બાળકો માટે સહકારને મજબૂત કરવાનાં ઉદ્દેશ સાથે ચાલી રહેલી પહેલોનું મૂલ્યાંકન કરશે.

આ વર્ષની ઉજવણી માટે કુલ પાંચ ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીનાં પ્રથમ એક હજાર દિવસના સમયગાળામાં યોગ્ય પોષણનાં મહત્વ પર ભાર મૂકવો, બાળકોમાં સ્થુળતા અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિષે જાગૃતિ ફેલાવવી જેવા વિષયોનો સમાવેશ થાય છે.

દેશભરમાં વર્ષમાં બે વાર સપ્ટેમ્બર અને માર્ચ-એપ્રિલ માસમાં અનુક્રમે 'પોષણ માસ' અને 'પોષણ પખવાડિયું' ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP---ADDITIONAL-TARIFF-ON-CHINA

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જો ચીન બદલો લેવાના પોતાના નિર્ણયને પાછો નહીં ખેંચે તો અમેરિકામાં આયાત થતા ચીની માલ પર ૫૦ ટકાનો વધારાનો ટેરિફ લાદવાની જાહેરાત કરી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે કહ્યું કે જ્યાં સુધી ચીન અમેરિકન ઉત્પાદનો પરનો 34 ટકાનો જવાબી ટેરિફ દૂર નહીં કરે, ત્યાં સુધી ચીની માલ પર વધારાના ટેરિફ લાદવામાં આવશે. બુધવારે, શ્રી ટ્રમ્પે નિમિત્તે ચીની આયાત પર 34 ટકા ટેરિફની જાહેરાત કરી હતીશ્રી ટ્રમ્પે ચીનની બદલાની કાર્યવાહીની ટીકા કરી. તેમણે ચેતવણી આપી હતી કે જે પણ દેશ અમેરિકા સામે વધારાના ટેરિફ લાદશે તેમને વધુ ટેરિફનો સામનો કરવો પડી શકે છે. બીજી તરફ, ચીન કહે છે કે દબાણ લાવવું કે ધમકી આપવી એ વાટાઘાટોનો યોગ્ય રસ્તો નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

IPLમાં ગઇકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈ ઇન્ડિયન્સને 12 રને હરાવ્યું.

ગઈકાલે રાત્રે મુંબઈમાં રમાયેલી મેચમાં બેંગ્લોરે પ્રથમ બેટિંગ કરતા પાંચ વિકેટે 221 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં ફક્ત 209 રન જ બનાવી શકી.

આજે IPLમાં બે મેચ રમાશે. પહેલી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે કોલકાતામાં બપોરે 3.30 વાગ્યે રમાશે. બીજી મેચ પંજાબ કિંગ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે ચંદીગઢમાં રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# આજના અખબારોની હેડલાઇનઃ

આજનાં તમામ અખબારોમાં શેરબજારોમાં કડાકાનાં સમાચાર છવાઈ ગયા છે.

સંદેશની હેડલાઇન છે- સેન્સેક્સનો કચ્ચરઘાણ- 2 હજાર 226 પોઇન્ટ તૂટ્યો.

ગુજરાત સમાચારની હેડલાઇન છે-ટ્રમ્પના ટેરિફ ટેરરથી ત્રીજા દિવસે પણ બજારોમાં ભૂકંપઃ

ફુલછાબનું હેડિંગ છે- શેર-ક્તરંજિત

રાજસ્થાન પત્રિકા લખે છે- અમંગલ સોમ, મંગલ કો ભી ખતરા

ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનું હેડીંગ છે- THE LAL STREET ERPTS WITH RECIPROCAL RAGE

તો ઇકોનોમિક ટાઇમ્સનું શિર્ષક છે- ડોન્ઝીલા ક્રશિશ માર્કેટ્સ

ગેસનાં સિલિન્ડરમાં 50 રૂપિયાનાં ભાવ વધારાનાં સમાચાર પણ તમામ દૈનિકોમાં પ્રથમ પાને જોવા મળે છે.

આજથી અમદાવાદમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિનું અધિવેશન શરૂ થશે- આ સમાચારને સ્થાનિક પાના પર સ્થાન આપવામાં આવ્યું છે

ગુજરાતમાં રાજકીય પક્ષોને એક વર્ષમાં રૂપિયા 404 કરોડનું દાન-ભારતીય જનતા પાર્ટીને સૌથી વધુ 401 કરોડ, જ્યારે કોંગ્રેસને બે કરોડ 45 લાખ રૂપિયાનું ડોનેશન- આ સમાચાર તમામ અખબારોએ સ્થાનિક પાના પર પ્રકાશિત કર્યા છે.

આ ઉપરાંત, દેશભરમાં ભીષણ ગરમી- તાપમાનનો પારો 21 શહેરોમાં 42 ડિગ્રીને પાર, ગૃહમંત્રી અમિત શાહની કાશ્મીર મુલાકાત, જેવા રાષ્ટ્રીય સમાચારો જોવા મળે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .